જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૮/૨૦૧૪ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૧૨૨/૧૪**

## ચેઇન સ્નેચીંગ લુંટ તથા વાહનચોરી ના ગુન્હા કરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

---------------------------------------------------------------------------------------------

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ના ઉચ્ચ પોલીસ અધિકારી શ્રી ઓની સુચના અનવ્યે તથા પો.ઇન્સ શ્રી જે.એચ.સરવૈયા નાઓની સુચનાથી પોલીસ સબ ઇન્સ શ્રી એલ.ડી.વાઘેલા તથા ટીમના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવણી સારૂ પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા અંજલી ચાર રસ્તા ખાતે આવતાં સાથેના હેડ.કોન્સ ભગવાનભાઇ મસાભાઇતથાહેડ.કોન્સ કિરીટસિહ હરીસિહનાઓને મળેલ બાતમી આધારે વેજલપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ફ.ગુ.ર.નં. ૧૪૮/૧૪ ઇ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ના કામે નહી પકડાયેલ આરોપી મહેન્દ્ર @ ટીનીયો સ/ઓ મનોજભાઇ સોલંકી ઉ.વ.૨૫ રહે, સફાઇ કામદાર કોલોની, ડો.આંબેડકર આવાસ યોજના બ્લોક નંબર-૧, મકાન નંબર-૧૬, નિલકંઠ સોસાયટી સામે ઓઢવ અમદાવાદનાને અટકાવેલ જે આરોપીની પુછપરછ માં સદરહુ ગુન્હાની કબુલાત કરી આ ગુન્હાના કામે પોતે તથા તેના સાથીદારો વિનોદ @ ભાવેશ સ/ઓ વાલજીભાઇ પંચાલ તથા સાગર મનસુખભાઇ ચુડાસમા એ રીતે ત્રણેય જણાએ બે વર્ષ પહેલાં માહે-૬/૧૨ ના સમયમાં સાંજના ગાળામાં પ્લસર મો.સા. નો ઉપયોગ કરી શ્રીનંદનગર વિભાગ-૨ ની સામે શ્રેયસ સ્કુલ પાસે ઔડાના મકાન ત્રણ રસ્તા નજીક થી એક બહેનના ગળામાંથી સોનાની ચેઇન તોળી ગુન્હાની કબુલાત કરેલ છે. જે સને ૨૦૧૨ થી આ ગુન્હામાં નાસતો ફરતો હતો

મજકુર આરોપી આ સિવાય આનંદનગર પો.સ્ટે. વિસ્તારમાં બે વર્ષ પહેલાં માહે ૭/૧૨ ના સમય ગાળા માં રાત્રીના સમયે તે તથા તેના સાથીદાર સાગર મનસુખભાઇ ચુડાસમા રહે, સત્યમઆવાસ વસ્ત્રાલ અમદાવાદ એ રીતે બંન્ને જણાંએ પ્લસર મો.સા.નો ઉપયોગ કરી બાલાજી રેસ્ટોરન્ટની બાજુની ગલીમાંથી પગે ચાલતી જતી એક બહેન ના ગળામાંથી બે તોલાની સોનાની ચેઇન તોડી લુંટ કરી નાસી ગયેલાની કબુલાત કરે છે. (આનંદનગર પો.સ્ટે.ફ.૧૬૩/૧૨ ઇ.પી.કો. ૩૯૨, ૧૧૪)

આ સિવાય આનંદનગર વિસ્તારમાંથી બે વર્ષ પહેલાં માહે ૫/૧૨ ના સમય ગાળા માં સાંજના સાત થી આંઠ વાગ્યાના સુમારે તીર્થભુમિ ટાવર સામે મંગલદિપ એપાર્ટમેન્ટ આગળ એક પગે ચાલતા બહેનના ગળામાંથી સોનાની રૂદ્રાક્ષના મણકાવાળી ચેઇન તોડી પલ્સર મો.સા. નો ઉપયોગ કરી તે તથા તેનો ઉપરોકત સાથીદાર લુંટ કરી નાસી ગયેલાની કબુલાત કરેલ છે.(આનંદનગર પો.સ્ટે.ફ.૧૧૮/૧૨ ઇ.પી.કો. ૩૯૨)

તેમજ આ સિવાય બે વર્ષ પહેલાં માહે ૫/૧૨ ના સમયગાળામાં રાત્રીના દસ થી સાડા દસ વાગ્યા સુમારે વસ્ત્રાપુર તળાવ કિડસ ગાર્ડન ના બહારના ભાગે પાર્ક કરેલ એક હીરોહોન્ડા પેશન પ્લસ મો.સા. તેણે તથા તેના ઉપરોકત સાથીદારે ડુપ્લીકેટ ચાવી થી લોક ખોલી ચોરી કરી લઇ જઇ દસ પંદર દિવસ પોતાના અંગત ઉપયોગમાં ફેરવી વેજલપુર કૃષ્ણધામ વિભાગ-૨ બ્લોક નંબર ૧ થી ૧૬ વચ્ચે જે તે સમયે બીનવારસી હાલતમાં મુકી દિધેલાની કબુલાત કરેલ છે.( વસ્ત્રાપુર પો.સ્ટે.ફ.૩૩૨/૧૨ ઇ.પી.કો.ક. ૩૭૯)

મજકુર આરોપી અગાઉ ભુતકાળમાં લુંટ, જાનથી મારી નાખવાની કોશિશ તથા વાહનચોરીના ગુન્હાઓમાં પકડાયેલ છે. હાલ આરોપીની વધુ પુછપરછ ચાલુ રાખેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.